ગુજરાત વિકાસ સેવા, વર્ગ-૨ ની
ખાતાકીય પરીક્ષા બાબત.

**ગુજરાત સરકાર**

પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંકઃ પરક્ષ/૧૦/૨૦૧૭/૩૪૧૯૫૯/ઝ

બ્લોક નં.૮/૪, સચિવાલય, ગાંધીનગર.

તારીખ: 2 9 MAY 2018

**વંચાણે લીધા:**

(૧) પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા.૧૩/૦૮/૨૦૧૫ના જાહેરનામા ક્રમાંકઃ જીપી/૩૩ ઓફ ૨૦૧૫/પરક્ષ/૧૦૨૦૧૩/૧૧૪૯/ઝ

(૨) નાણા વિભાગનો તા.૨૮/03/૨૦૧૬નો ઠરાવ ક્રમાંકઃખરચ/૨૦૦૨/૫૭/પાર્ટ-૩/ઝ.૧

(૩) નાણા વિભાગનો તા.૧૮/૦૧/૨૦૧૭નો ઠરાવ ક્રમાંકઃખરચ/૨૦૦૨/૫૭/પાર્ટ-૨/ઝ.૧

**ઠરાવ:**

નાણા વિભાગના ઉપર્યુક્ત વંચાણે લીધેલ ક્રમ-(૨) માં દર્શાવેલ ઠરાવથી વર્ગ-૩ અને વર્ગ-૪ ની જગ્યા ઉપર ફીક્સ પગારથી સીધી ભરતીથી નિમણૂક આપવાની નીતિ અન્વયે નિમણૂક પામનાર કર્મચારીઓની સેવાની શરતો અને બોલીઓ નિયત કરવામાં આવેલ છે. જ્યારે વંચાણે લીધેલ ક્રમ-(૩) પરના નાણા વિભાગના ઠરાવથી ફીક્સ પગારની નીતિ હેઠળ નિમણૂક પામેલા કર્મચારીઓના પાંચ વર્ષના ફીક્સ પગારના સમયગાળાની સેવાઓને બઢતી, પ્રવરતા, ઉચ્ચતર પગાર ધોરણ તેમજ નિવૃત્તિ વિષયક મળવાપાત્ર લાભો અંગે સેવા તરીકે ગણવાનું નક્કી કરવામાં આવેલ છે.

ગુજરાત વિકાસ સેવા, વર્ગ-૨ ના તાલુકા વિકાસ અધિકારી સંવર્ગની ફીડર કેડર્સમાં ફીક્સ પગારથી સીધી ભરતીથી નિમણૂક પામેલા વર્ગ-૩ ના પંચાયત/રાજ્ય સેવાના કર્મચારીઓને ગુજરાત વિકાસ સેવા, વર્ગ-૨ માં બઢતી માટેની ખાતાકીય પરીક્ષામાં ઉપસ્થિત રહેવાની મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના વંચાણે લીધેલ ક્રમ-(૧) પરના તા.૧૩/૦૮/૨૦૧૫ના જાહેરનામાની જોગવાઇ અને નાણા વિભાગના વંચાણે લીધેલ ક્રમ-(૨) પરના

તા.૧૮/૦૧/૨૦૧૭ના ઠરાવની જોગવાઇને ધ્યાને લઇ પ્રસ્તુત બાબતે નીચે મુજબની કાર્યપધ્ધતિને અનુસરીને ગુજરાત વિકાસ સેવા, વર્ગ-૨ ના તાલુકા વિકાસ અધિકારી સંવર્ગની ફીડર કેડર્સમાં ફીક્સ પગારથી સીધી ભરતીથી નિમણૂક પામેલા વર્ગ-૩ ના પંચાયત/રાજ્ય સેવાના કર્મચારીઓને ગુજરાત વિકાસ સેવા, વર્ગ-૨ માં બઢતી માટેની ખાતાકીય પરીક્ષામાં ઉપસ્થિત રહેવાની મંજૂરી આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૧) ગુજરાત વિકાસ સેવા, વર્ગ-૨ ના ભરતી નિયમોમાં દર્શાવેલ ફીડર કેડર્સમાં ફીક્સ પગારથી સીધી ભરતીથી નિમણૂક પામેલા વર્ગ-૩ ના પંચાયત/રાજ્ય સેવાના કર્મચારીઓ ગુજરાત વિકાસ સેવા, વર્ગ-૨ માં બઢતી માટેની ખાતાકીય પરીક્ષામાં ઉપસ્થિત રહી શકશે.

(૨) આ કર્મચારીઓએ સંબંધિત સંવર્ગની પૂર્વ સેવા તાલીમ મેળવેલ હોવી જોઇએ.

(૩) આ કર્મચારીઓએ સંબંધિત સંવર્ગની પૂર્વ સેવા તાલીમાન્ત પરીક્ષા પાસ કરેલ હોવી જોઇએ.

(૪) સીધી ભરતીથી નિમણૂક પામેલ આ કર્મચારીઓના શારીરિક યોગ્યતાના પ્રમાણપત્ર તથા પૂર્વ-ઇતિહાસ અને ચારિત્ર્ય અંગેની પોલીસ તપાસનાં પ્રમાણપત્રોની ચકાસણી કરીને તેમાં કોઇ વિરૂધ્ધ બાબત નહી હોવાની ખાતરી કરવાની રહેશે.

ઉપર દર્શાવેલ મુદ્દાઓ પરત્વે સંપૂર્ણ ચકાસણી કર્યા બાદ સંબંધિત કર્મચારીની આ ખાતાકીય પરીક્ષામાં ઉપસ્થિત રહેવા અંગેની અરજી માત્ર જિલ્લા વિકાસ અધિકારી/કચેરીના વડાની સહીથી જ પ્રમાણિત કરીને વિકાસ કમિશનર કચેરી, ગાંધીનગરને મોકલવાની રહેશે. વિકાસ કમિશનર કચેરી, ગાંધીનગર દ્વારા તેની ખરાઇ અંગેની ખાતરી થયા બાદ જ સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા, અમદાવાદને અરજીઓ મોકલવાની પૂરતી કાળજી લેવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( વનરાજસિંહ પઢારીયા )
નાયબ સચિવ(સેવા)
પંચાયત,ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના ખાસ ફરજ પરના અધિકારીશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(પંચાયત)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

- અધિક મુખ્ય સચિવશ્રી(ક.ગ.), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, પંચાયત,ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિકાસ કમિશનરશ્રી, બ્લોક નં. ૧૬/૨, ડૉ જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કમિશનરશ્રી(ગ્રામ વિકાસ), બ્લોક નં. ૧૬/૩, ડૉ જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મહાનિદેશકશ્રી, સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા, અમદાવાદ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી(ઓડીટ),અમદાવાદ,રાજકોટ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી(એ.એન્ડ ઇ),અમદાવાદ,રાજકોટ.
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી(તમામ)(સંબંધિત સર્વે કચેરીને જાણ કરવાની વિનંતી સહ)
- નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી(તમામ)
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- નિયામકશ્રી, રાજ્ય ગ્રામ વિકાસ અને પંચાયતી રાજ તાલીમ સંસ્થા, "શશીકુંજ", જૂનાગઢ.
- આચાર્યશ્રી, પંચાયતી રાજ તાલીમ કેન્દ્ર(તમામ).
- પસંદગી ફાઇલ-૨૦૧૮.